

# ગુજરાતી વ્યાકરણ



## ☆ નિપાત ☆

### ☆ નિપાત એટલે શું?

- ગુજરાતી ભાષામાં થોડાક ઘટકો એવા છે જે સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદની સાથે - એમના અનુગો કે નામયોગીવાળા રૂપ સાથે પણ આવે છે અને ભાર વગેરે કેટલાક વિશિષ્ટ અર્થ છાયાઓ દર્શાવે છે. આ ઘટકો, કોઈક અપવાદ બાદ કરતાં, ભલે એક જ અર્થ ધરાવે છે. આપણે તેમને 'નિપાત' તરીકે ઓળખીએ છીએ.



| **ટૂંકમાં,** | ભાષાના જે ઘટકો સંજ્ઞા, વિશેષણ કે ક્રિયાપદની સાથે આવીને ભાર, આગ્રહ, વિનંતી, સીમામર્યાદા વગેરે જેવા અર્થનો ઉમેરો કરે છે. |
| --- | --- |

→ મયુર શાળાએ ગયો. (નિપાત વગરનું વાક્ય)

→ મયુર **જ** શાળાએ ગયો. (નિપાતવાળું વાક્ય)




### ☆ નિપાતના પ્રકાર

| | | | |
| --- | --- | --- | --- |
| ① ભારવાચક | ② સીમાવાચક | ③ વિનયવાચક | ④ પ્રકીર્ણ - લટકણિયા રૂપ |

→ હવે આપણે દરેક નિપાતને વિગતવાર સમજીએ.

---

### ① ભારવાચક નિપાત :

→ જે નિપાત ભારવાળો અર્થ બતાવે છે તેને ભારવાચક નિપાત કહેવામાં આવે છે.

**ઉદાહરણ :**

① મહેશ **જ** આ કામ કરી શકશે.
② સંતોષ બરહ્મબટે **જ** તેને એ પ્રમાણે કહ્યું હતું.
③ વિજય **તો** આ કામ કરશે **જ**.
④ રિદ્ધિ **ચું**, ભજન ગાશે.
⑤ સચીન **પણ** ક્રિકેટ રમશે.
⑥ અધિકારી **સુધ્ધાં** સ્વચ્છતા અભિયાનમાં જોડાશે.

→ **નિપાતદર્શક શબ્દો :** જ, નો, ચ, ને, પણ, સુધ્ધાં



→ ઉપરના રેખાંકિત પદો ભાર દર્શાવે છે તેથી તેને ભારવાચક નિપાત કહેવાય છે.

469
9

## (2) સીમાવાચક નિપાત :




→ જેમા સીમા કે મર્યાદા અંકિત થતી હોચ અને સીમા મર્યાદાનો અર્થ વ્યક્ત થતો હોચ તેને **સીમાવાચક નિપાત** કહેવામાં આવે છે.

**ઉદાહરણ :**

1. મને રાપર પહોંચતાં **ફક્ત** એક કલાક લાગે છે.
2. **માત્ર** તમારી ઈચ્છા ખાતર હું આવીશ.
3. **તદ્દન** શુલ્ક વાતના કારણે મોટો ઝઘડો થયો.
4. સચીનના ગયા પછી ભારતીય ટીમ **સાવ** નિરાધાર બની ગઈ.
5. **છેક** આવવું થશે તેની તો કલ્પના જ નહોતી.

→ **નિપાતદર્શક શબ્દો :** માત્ર, ફક્ત, તદ્દન, સાવ, છેક



→ ઉપરનાં રેખાંકિત પદો સીમા (મર્યાદા) દર્શાવે તેથી તેને **સીમાવાચક નિપાત** કહેવાય છે.

---

## (3) વિનયવાચક નિપાત :



→ જેમા વિનય - વિવેક કે અન્ય પ્રત્યે આદરનો અર્થ દર્શાવામો હોચ તેવો પદો **વિનયવાચક નિપાત** કહેવાય છે.

**ઉદાહરણ :**

1. રૂબરૂ મલ્યા તુલ્ય સમજી પધારશો **જી**.
2. ગુરુ**જી**ને કોટિ કોટિ વંદન.
3. માતા**જી** અહીં જરૂર આવશે.
4. સાસુ**જી** અને સસરા**જી**નો સ્વભાવ બહુ સારો છે.

→ **નિપાતદર્શ** 'જી'

469



9

→ ઉપરનાં રેખાંકિત પદો વિનય (વિવેક) દર્શાવે છે, તેથી તે **વિનયવાચક નિપાત** કહેવાય છે.

**નોંધ :** વ્યક્તિનો વિનય આપવા માંટે ગુજરાતી ભાષામાં વ્યક્તિના નામની પાછળ જગ્યા છોડ્યા વગર 'જી' મૂકવામાં આવે છે.

## ④ પ્રકીર્ણ - લટકણિયારૂપ નિપાત :




⇛ કેટલાક નિપાત વાક્યને અંતે વિનંતી, આગ્રહ અથવા તો અનુમતિ વગેરે જેવા અર્થમાં અને ક્યારેક તો માત્ર લટકણિયારૂપે પ્રયોજાય ત્યારે તેમને લટકણિયારૂપ નિપાત કહેવામાં આવે છે.

**ઉદાહરણ :**

① અનુ મારી વાત માનશે **ને ?**
② એક જલેબી લેશું **કે ?**
③ મને આપનો મોબાઈલ આપશો **કે ?**
④ પૂર્વ, મને તારૂં સરનામું લખાવ **તો ?**
⑤ યુવરાજ પાછો આવી ગયો, **કેમ ?**
⑥ મને **એમ કે** હમણાં પાણી ઊતરી જશે.

→ **નિપાતદર્શક શબ્દો :** કે, તો, કેમ, ખરું, એમ કે



⇛ ઉપરનાં રેખાંકિત પદો લટકણિયારૂપે વપરાતા હોવાથી તેને પ્રકીર્ણ - લટકણિયારૂપ નિપાત કહેવામાં આવે છે.

**નોંધ :** આવા નિપાત વાક્યમાંથી દૂર કરવામાં આવે તો પણ વાક્યના અર્થમાં કોઈ પ્રકારનો ફેર પડતો નથી અને તે પદો આપણે વાક્યમાં સાહજિકતાથી બોલી જઈએ છીએ.



**યાદ રાખો :**



⇛ નિપાત તરીકે વપરાતો કેટલાક પદો જેમ કે 'નો', 'પણ' અને 'ને' એ વાક્યમાં સંયોજક તરીકે પણ વપરાય છે, જ્યારે નિપાત તરીકે વપરાતું 'ખરું' વિશેષણ તરીકે પણ વપરાય છે.
એનો અર્થ એ થયો કે વાક્યમાં આ પદ કયા હેતુ માટે વાપરવામાં આવ્યું છે, તે જાણ્યા પછી જ તે નિપાત છે કે નહિ તે નક્કી કરવું.

**ઉદાહરણ :** ① સંજય પંડ્યા પણ પ્રવચન કરશે. (નિપાત)
② સંજય પંડ્યાએ ગીત ગાયું પણ શ્રોતાઓને ગમ્યું નહિ. (સંયોજક)



⇛ ઉપરના વાક્ય એકમાં 'પણ' - નિપાત તરીકે વપરાયું છે. જો તેને વાક્યમાંથી દૂર કરીને વાંચીએ તો પણ વાક્ય અર્થપૂર્ણ જ રહે છે, જ્યારે વાક્ય નંબર બેમાંથી 'પણ' દૂર કરીને વાક્ય વાંચો તો વાક્યના બે ટુકડા થઈ જશે, માટે તે સંયોજક કહેવાશે.

⇛ આમ જ 'ખરું' પણ ક્યારેક નિપાત તરીકે અને ક્યારેક વિશેષણ તરીકે વાપરી શકાય છે. જ્યારે નિપાત તરીકે વપરાય ત્યારે તેને વાક્યમાંથી દૂર કરીએ તો વાક્યના અર્થમાં કોઈ ફેર પડતો નથી. જ્યારે વિશેષણ તરીકે વપરાયું હોય અને વાક્યમાંથી દૂર કરવામાં આવે તો વાક્યના અર્થમાં ફેર થશે.



**યાદ રાખો :** ભાષાશુદ્ધિ વખતે વિનયવાચક નિપાતને બાદ કરતાં બીજા બધા નિપાતો અલગ જ લખવામાં આવે છે. એટલે કે કોઈ પણ વાક્યમાં નિપાત છૂટા હોવા જરૂરી છે.



469
9
25

# પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો

**૧** આપેલા વાક્યમાંથી 'નિપાત' શોધીને લખો. - હવે એક જ ઉપાય છે.

(અ) એક (બ) ઉપાય (ક) જ (ડ) છે

* સાચો જવાબ: (ક) જ ✓

**૨** 'વિલાસે પણ સફેદ વસ્ત્ર પહેર્યું હતું.' આ વાક્યનો નિપાત દર્શાવો.

(અ) હતું (બ) વસ્ત્ર (ક) સફેદ (ડ) પણ

* સાચો જવાબ: (ડ) પણ ✓

**3** 'આવું ટી.વી. ગામમાં ફક્ત બે જણાને ત્યાં છે.' - નિપાત શોધો.

(અ) ગામમાં (બ) ફક્ત (ક) ત્યાં (ડ) બે જણાને

* સાચો જવાબ: (બ) ફક્ત ✓

**૪** 'નર્મદા તો બસ, નર્મદા છે' - આ વાક્યમાં નિપાત શબ્દ કયો છે?

(અ) છે (બ) નર્મદા (ક) બસ (ડ) તો

* સાચો જવાબ: (ડ) તો ✓

**૫** 'મારા ઘરે તમે જ આવો' વાક્યમાં 'જ' એ શું દર્શાવે છે?

(અ) અનુગ (બ) વિશેષણ (ક) નામયોગી (ડ) નિપાત

* સાચો જવાબ: (ડ) નિપાત ✓

469

**૬** 'આ પુસ્તક માત્ર મારી પાસે છે.' આ વાક્યમાં નિપાત શોધો.

(અ) આ (બ) છે (ક) પાસે (ડ) માત્ર

* સાચો જવાબ: (ડ) માત્ર ✓

9



જો તમને આ માહિતી ગમી હોય તો
**Like** કરો, તમારા મિત્રો સાથે **Share** કરો
અને તમારા વિચારો **Comment** માં
ચોક્કસ જણાવો!

